dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

# VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

September 2014 For private circulation only Vol. 06 - Issue 137

મોતની તાકાત શી મારી શકે?
જીંદગી તારો ઈશારો જોઈએ,
જેટલે ઊંચે જવું હો માનવી
તેટલા ઉન્નત વિચારો જોઈએ.

શૂન્ય પાલનપુરી

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

જન્મ અને મૃત્યુ એ બે જીંદગીની સૌથી મહત્વની ઘટનાઓ છે. પણ જુઓ તો ખરા પોતાના જીવન સાથે જોડાયેલી આ બે મહત્વની ઘટનાઓ જ માણસના પોતાના હાથની વાત નથી!! કયાં જન્મવું અને કયારે મૃત્યુ પામવું તેનાથી માણસ બેખબર છે. જન્મ અને મૃત્યુ ભલે માણસના હાથની વાત નથી પરંતુ જન્મ અને મૃત્યુ બે બિંદુઓ વચ્ચેનો સમય માણસના હાથની વાત છે. સ્વયંની વિચારશકિતથી જીવનની યાત્રા કરવાની છે. આપણને જે જીવન મળ્યું છે તે બીજસ્વરૂપ છે. કેવળ એનાથી તૃપ્ત થઈ હાથ જોડી બેસી રહેવાનું નથી. બીજને સંભાવના-શકયતા તરીકે લેવાનું છે એ બીજમાં પડેલી અનંત અપાર શકયતા અને સંપદાની પ્રાપ્તિ માટે જાગૃત થઈને અસ્તિત્વની સમગ્ર ઉર્જાને કામે લગાડવાની છે. સાધારણ વિષયો, સાધારણ વિચારો, સાધારણ આશા અપેક્ષાઓ આપણને સાધારણ માનવી જ બનાવે છે અને આપણામાં પડેલી અનંત અપાર શકયતા અને સંપદાની પ્રાપ્તિથી દૂર રાખે છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે મૃત્યુના બીજમાંથી જડતા ઉછરે છે અને જીવનના બીજમાંથી ચૈતન્ય ઉછરે છે. જે માણસ જડતાને જાણી લે છે અને જાણીને જાગૃત થઈ જીવનના બીજમાં પડેલા ચૈતન્યને ઉછેરવા અને પામવા મથામણ કરે છે તે આનંદના શિખર સુધી પહોંચી શકે છે. પરંતુ આપણી આસપાસના સમાજ પર નજર દોડાવીશું તો જણાશે કે મોટા ભાગના માણસો જડતાને જડબેસલાક પકડીને બેઠા છે. આવા માણસોનું જીવન તદ્દન યાંત્રિક બની ગયેલું દેખાશે. ગુર્જીએફે આવા માણસો માટે 'માનવયંત્ર' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. માણસની અંદર યાંત્રીકપ્રવાહ એટલો પૂરજોશમાં વહી રહયો છે કે એનામાં પડેલ ચેતનાના બીજને અંકુરિત થવા જ નથી દેતો. આચાર્ય રજનીશ યાંત્રિક જીવનને મૃત્યુતુલ્ય ગણાવે છે. તેઓના મતે "જડતા અને યાંત્રિકતાથી ઉપર ઉઠવાથી જ વાસ્તવિક જીવનો પ્રારંભ થાય છે."

કવિ ખબરદારની આ પંકિતઓમાં જીવન-મરણની વિરલ ફિલસુફી પ્રગટ થાય છે.

જીવતું મૃત્યુ છે જીવન આ તેહનું,
જેહને જીવન આ વ્યર્થ લાગે.
પળેપળે લાખ શંકા ઉઠાવી ઉરે,
જીવનનો સર્વ આનંદ ભાગે,
જીવનનો મહામૂલો જોગ ચાલી જતો,
મેઘ વરસી જતો વ્યોમમાંથી,
જે દીવાલો કરે આસપાસે ઊભી,
ને સૂવે માંહી અંધાર ઓઢી,
તે ન કૈં દિવસના તેજ પામી શકે,
ખોય ત્યાં સર્વ આનંદ પોટી."

અનેક પરિમાણોમાં જીવનયોગ્ય આશીર્વાદ સમાન જીવનને માણસ અકારણ નીરસ બનાવી મૂકે છે. તાજગીભરી જીવનક્ષણોને યાંત્રિક ઘટમાળમાં વેડફી સ્થગિત બનાવી દે છે.

યાંત્રિકતા માણસને નિત્ય નૂતનતાથી દૂર રાખે છે. સૃષ્ટિ પળેપળે નૂતનતાના આવિષ્કારને ઝીલે છે. સ્થગિતતા એને જરા ય પસંદ નથી. આપણું જીવન સૃષ્ટિનો જ અંશ છે. જો સૃષ્ટિને સ્થગિતતા પસંદ ન હોય તો જીવનને કયાંથી પસંદ હોય...?! નિરંતર બદલાવ... સતત પરિવર્તન અસ્તિત્વ છે. આ નિત્ય નૂતનતા આ બદલાવ, આ પરિવર્તનથી વાકેફ થવાનું છે અને એ વહે તે દિશામાં વહેતા જવાનું છે.

આપણે શિક્ષકોએ શિક્ષણના માધ્યમ દ્વારા આપણા હાથમાં ઉછરતી અને આપણી આંખ સામે વિકસતી નવી પેઢીને નિત્ય નૂતનતાને, સ્વીકારવા માટે સજ્જ કરવાની છે. યાદ રહે ખાબોચિયું બંધાયેલું હોવાથી સમય જતાં ગંધાય છે. નદી સતત વહેતી રહે છે તેથી એમાં કયારેય દુર્ગંધ પેદા થતી નથી. આવતી કાલે અને એના પછીના દિવસે કયું પરિવર્તન આવવાનું છે તે જાણીને એના વિશે સહિયારું ચિંતન કરીએ તે સમયનો તકાજો છે.


ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૪

# યુનિવર્સિટી ન્યૂઝ

## અભિનંદન

### યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી તરીકે માનનીય શ્રી ઓમ પ્રકાશ કોહલી



**Hon. Shri Om Prakash Kohli**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલાધિપતિ તરીકે ગુજરાત રાજયના નવનિયુકત માનનીય રાજયપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીની નિયુકિત થઈ છે... તે પ્રસંગે સમગ્ર યુનિવર્સિટી પરિવાર એમનું હાર્દિક અભિવાદન કરે છે.

માન.શ્રી ઓમ પ્રકાશ કોહલી સ્વયં દિલ્હી યુનિવર્સિટીની હંસરાજ કોલેજ અને દેશબંધુ કોલેજ (યુનિવર્સિટી ઓફ દિલ્હી)માં વ્યાખ્યાતા અને રિડર તરીકેની તેજસ્વી કારકીર્દિ ધરાવે છે. વિદ્યાર્થીકાળથી જ તેજસ્વી પ્રતિભા ધરાવતા કોહલીજીએ સામાજિક અને સહકારી પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવી છે. વિદ્યાર્થી, અધ્યાપકોના પ્રશ્નોમાં સતત સક્રિય રહીને સકારાત્મક નેતૃત્વ પૂરું પાડતાં તેઓની ગુજરાત રાજયના રાજયપાલ તરીકે વરણી થઈ છે તે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર સહિત, સેનેટ, સિન્ડિકેટના સભ્યો અને સૌ હોદ્દેદારો સહિત સમગ્ર યુનિવર્સિટી પરિવાર ગૌરવની લાગણી પ્રગટ કરે છે.

| | | |
|---|---|---|
| **Father's Name** | : | Late Shri Manohar Lal Kohli |
| **Mother's Name** | : | Late Shrimati Shiv Devi |
| **Date of Birth** | : | August 9, 1935 |
| **Place Birth** | : | Delhi |
| **Spouse's Name** | : | Shrimati Avinash Kohli |
| **Education** | : | * MA (Hindi) from University of Delhi<br>* Prabhakar from Punjab University<br>* Sahitya Ratna from Prayag |

**Work Experience :**

- Worked as a lecturer at Hansraj College & Deshbandhu College (University of Delhi) for over 37 years. Retired as a Reader in 1994.

**Student activism :**

- Was PM of Hansraj College (University of Delhi) Parliament
- Was a Member of Delhi University Students Union (DUSU) Executive
- Was All India President of Akhil Bharatiya Vidyarthi Parishad (ABVP) for 3 consecutive terms.

**Teacher activism :**

- Was President of Delhi University's Teachers Association (DUTA) from 1973-79
- Was elected member of Academic and Executive Councils of the University of Delhi
- Was President of National Democratic Teacher's Front (NDTF), a nationalist organization of University Teachers

**Political activism :**

- Was arrested under MISA for 19 months during the National Emergency and lodged in Delhi, Agra and Varanasi jails.

**Years in Parliament :**

- Was elected as a member of Rajya Sabha (1994-2000)
- Chairman, Housing Committee, Rajya Sabha
- Member, Committee on papers to be laid on the table of Rajya Sabha
- Member, Standing Committee on Urban & Rural Development
- Member, Standing Committee on Finance
- Member, Consultative Committee for the Ministry of Surface Transport

**Organizational responsibilities held :**

- President of Delhi State BJP from 1991-95 and for the second time in 2009-10
- National Secretary, BJP
- Incharge (Prabhari) of Jammu & Kashmir, Punjab, Chandigarh, Haryana, Himachal Pradesh and Rajasthan
- Secretary, Central Disciplinary Committee, BJP
- President, Central Disciplinary Committee, BJP
- BJP Headquarters Incharge

**Interests :**

- Academics and educational activities

## નર્મદ જયંતી







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા દર વર્ષે નર્મદ જયંતી નિમિત્તે જાણીતા વિદ્વાનનું વ્યાખ્યાન યોજવાની પરંપરા છે. આ વર્ષે નર્મદની ૧૮૧મી જયંતી નિમિત્તે ૨૪/૮/૧૪ના રોજ

સુખ્યાત કવિશ્રી વિનોદ જોશીનું 'નર્મદ : અસ્મિતાનો ઉત્સવ' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. યુનિવર્સિટી પરિસરમાં આવેલી નર્મદ પ્રતિમાને સમગ્ર યુનિવર્સિટી પરિવારે પુષ્પહાર અર્પણ કર્યા હતાં. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ સ્થાને યોજાયેલા વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોની ભરપૂર હાજરી આજના સમયમાં પણ નર્મદની પ્રસ્તુતતા પુરવાર કરતી હતી.

ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગુર્જરે કવિશ્રી વિનોદ જોશીનો વિગતે પરિચય આપ્યો હતો અને વિનોદ જોશીને ઉમળકાભેર આવકાર આપ્યો હતો. કવિશ્રી વિનોદ જોશીના ઘૂંટાયેલા અવાજે એમના પુરોગામી કવિ વિશે થતી વાતોમાં નર્મદનાં અનેક નવપ્રસ્થાનો વણાતાં જતાં હતાં. નર્મદ આપણો પ્રથમ કોશકર્તા, પહેલો પિંગળકાર, પહેલો આત્મકથાકાર, પહેલો નિબંધકાર, એક યુનિવર્સિટી ન કરી શકે એટલાં કામ એકલા હાથે પાડનારો આ કવિ પાછો સુધારાનો 'કડખેદ' હતો. આરંભે અંગ્રેજીમાં કવિતા લખવાના અખતરા કર્યા પછી ગુજરાતીમાં કવિતા લખનારો આ કવિ ભલે મોટા ગજાનો કવિ ન હોય પણ એણે કવિતામાં ભાષાકર્મનું માહાત્મ્ય કર્યું. ભાવઅનુરુપ ભાષાની વાત કરી ડૉ. વિનોદ જોશીએ નર્મદને અનેકપરિમાણી વ્યકિતત્વ ધરાવતો સાહિત્યપુરુષ કહયો હતો. કવિતાનું શાસ્ત્ર તે બરાબર સમજતો હતો. એટલે જ 'રાગડા એટલે કવિતા નહીં' એ બાબતે નર્મદ સ્પષ્ટ હતો. કલમના ખોળે માથું મૂકનાર આ અટંકી વીર જીંદગીના પાછલાં વર્ષોમાં જ્યારે લાચાર થઈ નોકરીએ વળગે ત્યારે આપણને એમાં કોઈ ટ્રેજેડી હીરોના દર્શન થાય એવું કહીને વિનોદ જોશીએ હળવેથી ગુજરાતી પ્રજાની રસરુચિ વિશે પણ ટીકા કરી લીધી હતી. કેમ નર્મદને કોશ છપાવવામાં મુશ્કેલી પડી ? કેમ એણે જતી જીંદગીએ નોકરી કરવી પડી ? એવા પ્રશ્નો સાથે વિનોદ જોશીએ પ્રજાકીય નિસ્બતને સાંકળી લીધી હતી.

'હિંદુઓની પડતી' નામે નર્મદના લાંબા કાવ્યમાંથી કેટલીયે પંકિતઓ ટાંકી વિનોદ જોશીએ નર્મદના આશાવાદી વલણમાં એક ક્રાન્તદ્રષ્ટા, આર્ષદ્રષ્ટાને નિહાળ્યો. એમણે એક વાત પર ભાર મૂકીને કહયું કે આપણે બધાં નર્મદની પ્રશસ્તિ કરીને અટકી ના જઈએ. એનામાંથી પ્રેરણા લેવાની કોશીશ કરીએ. આ 'કડખેદ' આપણો પૂર્વજ છે એનું ગૌરવ લઈ એના ડગલે ડગલાં માંડવાની હામ કરીએ. નર્મદે જે જે નવી કેડીઓ કંડારેલી તે બધી આજે મોટા રસ્તા બની ગયા છે. એના માટે પણ આપણે સૌ નર્મદના ઋણી છીએ.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે સમાપન વકતવ્યમાં આપણા જીવનને પ્રકાશિત કરતા ત્રણ જયોતિ-સૂર્ય, આત્મા અને શબ્દની વાત કરી શબ્દજ્યોતિ સાથેના પોતાના સંબંધ બદલ સંતોષ વ્યકત કર્યો હતો. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧ કરોડ રૂપિયાના દાનથી બંધાનાર નર્મદ ભવન વિશે ઉત્સાહભેર વાત કરતા એમણે ઉજળી, આવતી કાલનાં સપનાં સૌની સાથે વહેંચ્યાં હતાં. કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતાએ આભારદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારુ ઢબે સંચાલન ગુજરાતી વિભાગના ડૉ. નરેશ શુકલએ કર્યું હતું.


















## ગ્રંથ પ્રદર્શન



અર્વાચીનોમાં આદ્ય કવિ નર્મદની ૧૮૧મી જન્મજયંતી પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથાલયમાં નર્મદ સાહિત્યનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

## CBCS











યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગના સભાખંડમાં ક્રેડિટ બેઈઝડ ક્રેડિટ સિસ્ટમ (CBCS) અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં કાર્યક્રમની શરૂઆતમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ સ્વાગત અને આવકાર આપ્યો હતો. ત્યારબાદ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના કુલપતિશ્રી ડૉ. મનોજ સોની તથા તેમની ટીમ દ્વારા CBCSનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. ડૉ. મનોજ સોનીએ CBCSનું મહત્વ અને રાજ્યમાં ત્રણ યુનિવર્સિટીમાં સફળ પ્રયોગ વિશે વાત કરી હતી. તેમના દ્વારા

રજૂ કરવામાં આવેલ પ્રેઝન્ટેશનમાં રેગ્યુલર અભ્યાસ કરતા વિદ્યાર્થીને ઓપન યુનિવર્સિટી દ્વારા CBCSનો ક્રેડિટ અભ્યાસ પ્રવેશ વખતે જ ઓફર કરવામાં આવે અને જે વિદ્યાર્થી જોડાય તેની પ્રવેશથી પરીક્ષા સુધીની તમામ વ્યવસ્થા બન્ને યુનિવર્સિટીના સહયોગથી પૂર્ણ થાય તેવી વ્યવસ્થાનું મોડલ રજૂ કરવામાં આવ્યું હતું. CBCS અભ્યાસના વિષયો વિદ્યાર્થીને મનગમતા મળે તેવી વ્યવસ્થાનો નિર્દેશ કરી વ્યકિતના વ્યકિત્વનો વિચાર કેવી રીતે આવે તેની સુંદર વાત કરી હતી. પ્રેઝન્ટેશનની રજૂઆત બાદ યુનિવર્સિટીનાં વિવિધ વિભાગના અધ્યાપકોએ મુકત ચર્ચામાં ભાગ લઈ CBCSનાં માળખાની સમજણ મેળવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું અને અંતે કુલસચિવ ડૉ. જે. આર. મહેતાએ આભાર વિધિ કરી હતી.

## એવોર્ડ



સને ૨૦૧૩ના વર્ષમાં પોખરા, નેપાળ મુકામે સાઉથ એશિયન ટ્રાયથ્લોન ચેમ્પિયશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીલકા, ભૂતાન, માલદીવ, બાંગ્લાદેશ વગેરે દેશના ખેલાડીઓએ ભાગ લીધો હતો. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ જે.પી.ડાવર ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફોરમેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી, એમ.એસસી.આઈ.ટી.ની. વિદ્યાર્થિની કુ. પુજા ચૌરૂષિ સાઉથ એશિયન ટ્રાયથ્લોન ચેમ્પિયનશીપમાં પ્રથમ આવી હતી. ગુજરાત સરકાર દ્વારા કુ. પુજા ચૌરૂષિને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે શિલ્ડ અને કેશ એવોર્ડ રૂા. ૧,૦૦,૦૦૦/- આપવામાં આવ્યો હતો. કુલપતિશ્રી, કુલસચિવશ્રી, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાસંદીયા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યોશ્રીઓએ કુ. પુજા ચૌરૂષિને એકલવ્ય એવોર્ડ માટે અભિનંદન પાઠવ્યા હતા.

# કોલેજ ન્યૂઝ

## આરોગ્ય

સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર વ્યારા અને હોમિયોપેથીક મેડીકલ એસોસિયેશન ઓફ વ્યારા યુનિટ અને સ્વ. છોટાલાલ વિરચંદ સોલંકી પેરીફરાલ ડીસ્પેન્સરીઝ દ્વારા હેલ્થ કલબ, બાજીપુરા ખાતે તા. ૨૫/૭/૧૪ના રોજ તથા રેફરલ હોસ્પિટલ મહુવા ખાતે કીડની, મુત્રાશય, પથરી અને ચામડીના દર્દીઓનો વિનામૂલ્યે હોમિયોપેથીક કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. ભાવિન મોદી અને ડૉ. અશોક ગુંદીગરાએ દર્દીઓને તપાસી મફત હોમિયોપેથીક દવા આપી હતી. બાજીપુરા અને મહુવા ખાતે મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો. આ કેમ્પનું આયોજન ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ ડૉ. પિયુશ ગુજરાથી અને શ્રી શૈલેશભાઈ દેસાઈએ ઈર્ન્ટની વિદ્યાર્થીઓના સહકારથી કર્યું હતું.

નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં તા. ૪/૮/૧૪ના રોજ સામુદાયિક સેવા ધારાના અને એન.એન.એસ.ના ઉપક્રમે 'બ્રેસ્ટ ફિડિંગ' જાગૃતિ કાર્યક્રમનું આયોજન થયું હતું. સુરત પિડિયાટ્રીક એસોસિએશન અને શેઠ પી. ટી. મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજના સૌજન્યથી, વર્લ્ડ બ્રેસ્ટ ફિડિંગવીક (૧ થી ૭ ઓગસ્ટ ૨૦૧૪)ની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શેઠ પી.ટી. મહિલા કોલેજની વિદ્યાર્થીની નિયતી મહેતા અને અન્વી ભીડીએ આધુનિક ઉપકરણની મદદથી 'બ્રેસ્ટ ફિડિંગ' બાળક માટે અનિવાર્ય પોષક ખોરાક છે. એ સમજાવ્યું હતું. પિડિયાટ્રીક ડૉ. હરિભાઈ પટેલે વિદ્યાર્થીઓના તથા અધ્યાપકોના પ્રશ્નોના રસપ્રદ-સંતોષપ્રદ જવાબો આપ્યા હતા. સાથે સમાજમાં બ્રેસ્ટ ફિડિંગ અંગે પ્રવર્તતી માન્યતાઓ અને ગેર માન્યતાઓની સ્પષ્ટતા કરી વિદ્યાર્થિનીઓને હકીકતોથી વાકેફ કર્યા હતા. આચાર્યા ડૉ. જ્યોતિબેન નાયકે શેઠ પી.ટી. મહિલાના પ્રા. સોલંકીભાઈ તથા ડૉ. હરિભાઈ પટેલ અને વિદ્યાર્થિનીઓનું પુષ્પથી સ્વાગત કરી આવકાર આપ્યો હતો.

સી. ડી. પચ્ચીગર કોલેજ, ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરતમાં તા. ૪/૮/૧૪ના રોજ થર્ડ ઈયર તથા ફોર્થ ઈયર બી. એચ. એમ. એસ. ના વિદ્યાર્થીઓ માટે "Brest Feeding week 2014" ના અન્વયે વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Home Science College ના પ્રા. શ્રીમતી જાજોડીયા તથા ખાદીઝા અને રચનાબેને સમજ આપી.

## પુસ્તક

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના નેજા હેઠળ પુસ્તક પરિચય હારમાળા કાર્યક્રમ અંતર્ગત ૨૬મા માણકાના ઉપક્રમે તા. ૨૫/૭/૧૪ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમરોલીના પ્રા. શોભાબેન પી. છાપીઆ દ્વારા શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ પ્રકાશિત પુસ્તક ''સ્ત્રીઓના અધિકારો''નો પરિચય કરવામાં આવ્યો હતો. તા. ૧૯/૭/૧૪ના રોજ એફ. વાય. બી. કોમ. ''બી'' ની કુ. જીનલ માંગેલાએ ડૉ. વોલ્ટર ડોયલ સ્ટેપલ્સ દ્વારા લિખિત પુસ્તક ''થીંક લાઈક અ વીનર'' અને તા. ૨૨/૭/૧૪ના રોજ એ જ વર્ગના શ્રી રાહુલ નાયકાએ સ્વેટ માર્ટન દ્વરા લિખિત ''સફળતા તમારા કદમોમાં'' પુસ્તકોનો પરિચય કરાવ્યો હતો. તથા પ્રિ. ડૉ. જે. એમ. નાયક તથા એફ. વાય. બી. કોમ. ''બી'' ડિવીઝનના કુ. પીન્કી મિશ્રાએ શ્રી રાજુ અંધારિયા લિખિત. ''સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કેમ કરશો", એફ.વાય.બી.કોમ. ''ડી'' ની કુ. ચાંદની ટાંકે પંન્યાસ મહાબોધવિજય લિખિત ''મા-બાપને ભુલશો નહિ'' તથા એ જ વર્ગના કુ. અસ્મિતા વામને શ્રી ડેલ કાર્નગી લિખિત ''જીવન જીવી જાણો અને કામની મજા માણો'' પુસ્તકોનો પરિચય કરાવ્યો.

## સ્પર્ધા

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત બી. એડ્. કોલેજ, સુરતમાં તા. ૧/૮/૧૪ના રોજ ગ્રિટિંગ કાર્ડ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રા. સુનિલભાઈ ખલાસી અને કૃણાલભાઈ પાઠકે કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૬/૮/૧૪ના રોજ આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતી ગીત નૃત્યધારા અંતર્ગત કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી ભજન અને વર્ષાગીત સ્પર્ધામાં આવી હતી. સ્પર્ધામાં કુલ ૩૨ કૃતિઓ રજૂ થઈ હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગુજરાતી વિષયના પૂર્વ આધ્યાપિકા ડૉ. મીનાબેન શાહે તથા એડહોક અધ્યાપિકા યામિનિ ટંડેલે સેવા પૂરી પાડી હતી. ભજન સ્પર્ધામાં કુ. સોનાલી પ્રજાપતિ પ્રથમ

કુ. દક્ષા પઠાણ, દ્વિતીય, કુ. વૈશાલી નાંઠા અને શ્રી અંકુર સોલંકી, તૃતીય કુ. ફાલગુની પટેલ, આશ્વાસન ઈનામ માટે વિજેતા થયા હતા. જ્યારે વર્ષાગીત સ્પર્ધામાં કુ. ફાલગુની પટેલ, કુ. દક્ષા પાઠાણ, દ્વિતીય કુ. શ્વેતા મિશ્રા, તૃતીય જ્યારે કુ. કાજલ પટેલ આશ્વાસન ઈનામ માટે વિજેતા જાહેર થયા હતા.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી.એસ.આર. પટેલ કોલેજ, સુરતમાં તા.૯/૮/૧૪ના રોજ યોજાયેલ રાખડી બનાવવાની સ્પર્ધામાં કુલ ૨૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પટેલ અર્ચના પ્રથમ ક્રમ, પટેલ ખુશ્બુ દ્વિતીય ક્રમ અને મૈસુરીયા હેમલતાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધામાં પ્રા. ધુલિયા શીતલ વી. અને પટેલ શૈલેશભાઈ બી.એ. નિણાર્યકની ભૂમિકા ભજવી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કોલેજ, અંકલેશ્વરમાં યોજાયેલ દેશભકિત ગીત સ્પર્ધામાં ૨૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ પટેલ કીર્તિબેન, બીજો કાકુ જીગીશાબેન અને તૃતીય પટેલ હેમાક્ષી રહયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. સ્વાતીબેન અને પ્રા. સ્નેહાબેન અને પ્રા. રીનાબેન રહયા હતા. કાર્યક્રમનું સંચાલન તાલિમાર્થી ઊમટીયા આલિયા અને પટેલ પ્રિયંકાએ કર્યું હતું. તથા વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ વાઘેલા જીતેન્દ્ર, બીજો રતનપરા ચિરાગ અને તૃતીય મકવાણા નીલેશ રહયા હતા. તથા રક્ષાબંધન સ્પર્ધામાં પ્રથમ ડાભી રોશનીબેન, દ્વિતીય રાઠોડ પ્રીતિબેન અને તૃતીય પરમાર ધર્મિષ્ઠાબેન રહયા હતા. તથા રક્ષાગીત સ્પર્ધામાં પ્રથમ પટેલ કીર્તિબેન, દ્વિતીય ત્રિપાઠી બિનીતાબેન, તૃતીય દીપીકાબેન રહયા હતા. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. પટેલ ગણેશભાઈ તથા સમગ્ર મંત્રીમંડળે ભારે જહેમત ઉઠાવી હતી.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રિ. ડૉ. જે. એમ. નાયકના માગદર્શન હેઠળ ચાલતા. વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે સેલ કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી તા.૨૬/૯/૧૪ના રોજ અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પૂર્વ વિદ્યાર્થીની કુ.આરતી રાકએ સેવા પૂરી પાડી હતી. તેમણે અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી વચ્ચેનો તફાવત સમજાવી આકર્ષક મહેંદી હાથોમાં કેવી રીતે સમજાવી શકાય તે અંગેની સમજ આપી હતી. ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુ. પાયલ પટેલ પ્રથમ ક્રમે, કુ.હીનલ પટેલ દ્વિતીય ક્રમે તથા કુ. ઉઝમા પટેલ પ્રથમ ક્રમે, કુ.ટવીકલ ટંડેલ દ્વિતીય ક્રમે કુ. હેમાક્ષી પ્રજાપતિ તૃતીય ક્રમે વિજેતા થયા હતા.

## એન.સી.સી.

વલસાડ કોમર્સ કોલેજની અને.સી.સી. કેડેટનું કલેકટરશ્રીના હસ્તે સન્માન વલસાડ જીલ્લા પોલીસ આયોજીત પરેડ વલસાડના મોંઘાભાઈ હોલ ખાતે યોજવામાં આવી હતી. જેમાં વલસાડ જીલ્લામાં મહિલાઓ દ્વારા થયેલ વિશિષ્ટ કામગીરી બિરદાવવામાં આવી હતી. જેમાં શાહ એન.એચ.કોમર્સ કોલેજની એન.સી.સી.કેડેટ કુ.ભારતી પારસભાઈ શાહનું વોલીબોલ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ વલસાડ જીલ્લા કલેકટરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્ત્રીસશકિતકરણ પરેડમાં ચૌદ જેટલી એન.સી.સી. કેડેટ બહેનોએ ભાગ લીધો હતો. તથા વલસાડ સ્થિત શાહ એન. એચ. કોમર્સ કોલેજમાં સક્રિયપણે કાર્યરત એન.સી.સી. યુનિટની વિઝિટ માટે ૨૦ ગુજરાત બટાલીયન એન.સી.સી નવસારી યુનિટના કમાન્ડીગ ઓફિસર કર્નલ એસ.ડી. મહેતાએ મુલાકાત લીધી હતી. મલ્ટી મીડિયા હોલમાં પ્રથમ વર્ષ એન.સી.સી. પ્રવૃતિના લાભો, વ્યકિતત્વ વિકાસ, તેમજ સંરક્ષણ ક્ષેત્રમાં જોડાવા માટેનું મોટીવેશનલ વ્યાખ્યાન આપ્યું હતું. એન.સી.સી. પ્રવૃત્તિથી કમાન્ડીગ ઓફિસર પ્રભાવિત થયા હતા. કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલ તેમજ સિનિયર એન.સી.સી. કેડેટ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમનો વિદ્યાર્થીઓએ લાભ ઉઠાવ્યો હતો.

## પ્રવેશોત્સવ

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૪/૮/૧૪ના રોજ એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને આવકારવા માટેનો પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ સમારંભમાં સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીના આચાર્યશ્રી ડૉ. કે. જી. છાયા, વાલોડ સરકારી કોલેજ પ્રા. ભદ્રેશભાઈ પરમાર તથા કે. સી. જી. એન શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પ્રોગ્રામ ઓફિસર શ્રી અમિતકુમાર ઉપસ્થિત રહયા હતા. આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે મહાનુભાવોનું સ્વાગત કરી સપ્તધારા અંતર્ગત કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત સરકારશ્રીના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને કે. સી. જી. ની પ્રવૃતિઓથી તથા કે. સી. જી. ગીતથી માહિતગાર કર્યા હતા. તથા. કોલેજની પ્રગતિના યોગદાનમાં અમૂલ્ય ફાળો આપનાર સીનીયર વિદ્યાર્થીઓ શ્રી વિતાન, કુ.ચેતના તથા કુ.ફાલ્ગુનીનું પુસ્તક પુષ્પથી સન્માન કર્યું હતું. એફ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓને મહાનુભાવોએ તથા સીનીયર વિદ્યાર્થીઓએ કુમ કુમ તિલક કરી આવકાર્યા હતા. કમિટિના સભયોએ કોલેજની શિસ્ત અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ દ્વારા થતા અનેકવિધ પ્રયત્નોની ભારોભાર પ્રશંસા કરી હતી. અંતે વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈ પોતાનો સર્વાંગી વિકાસ કરી ગુજરાત રાજ્ય અને ભારત દેશની પ્રગતિમાં યોગદાન આપવાના શપથ વિદ્યાર્થીઓ પાસે લેવડાવી રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ,સુરતમાં તા.૧૬/૬/૧૪ના રોજ તાલીમાર્થીઓનો સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં દરેક તાલીમાર્થીનું કંકુથી તિલક કરી પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈ.ચા.આચાર્ય ડૉ. અરવિંદભાઈ ટાંકે આવકાર પ્રવચન આપ્યું હતું અને સંસ્થાના નિયામક શ્રી મહેશભાઈ પટેલે પ્રાંસગિક ઉદબોધન કરી જીવનમાં શિક્ષકનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. અરવિંદભાઈ વણકરે કર્યું હતું.



વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ માં તા.૪/૮/૧૪ના રોજ ગુજરાત સરકાર શિક્ષણવિભાગ તથા ઉચ્ચશિક્ષણ કમિશ્નર કચેરી તથા કે.સી.જી પ્રેરિત ‘ચાલો કોલેજ અભિયાન હેઠળ કોલેજ પ્રવેશોત્સવ ૨૦૧૪’ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં ૧). આ પ્રોગ્રામના રુટ ઓફિસર તરીકે શ્રી ડૉ. જે.ટી. ચૌધરી, સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

વાંસદાના આચાર્યશ્રી અને ૨). લાયઝન ઓફિસર તરીકે સપ્તધારાના ડિસ્ટ્રીક કોર્ડિનેટર શ્રીમતી ડૉ. દીનાબેન ચાંપાનેરી, બી.પી.બારીયા સાયન્સ કોલેજ નવસારીના ઈન્ચાર્જ આચાર્યશ્રી, આ બન્ને મહાનુભવોએ સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે ફરજ બજાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ભૌતિકશાસ્ત્રનાં વડા પ્રા. અરવિંદભાઈ બજાજે કોલેજની શૈક્ષણિક અને ઈત્તર પ્રવૃતિ પ્રગતિ અને સિધ્ધિનું પ્રોજેકટર દ્વારા પ્રેઝેંટેશન કર્યું ત્યાર બાદ સપ્તધારા કોલેજ કક્ષાના કન્વીનર રીતેશભાઈ નાયકે સપ્તધારા ગાન અને ધરતી કી શાન હૈ. જેવા ગીતની ઓડિયો કેસેટ સંભળાવી. ત્યારબાદ સરકારશ્રી દ્વારા મોકલવામાં આવેલ કે.સી.જી ઈનિશિએટિવ્ઝ વીડીયોફિલ્મ વિદ્યાર્થીઓએ અને સ્ટાફમિત્રોએ નિહાળી રસપ્રદ માહિતી પ્રાપ્ત કરી. સીનીયર વિદ્યાર્થીઓ દ્વારા નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓનું કુમકુમ તિલકથી અને પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું તેમજ પ્રા. રંજનબેન દેસાઈએ વિદ્યાર્થીઓ પાસે સંસ્થામાં ચલાવાતા વિવિધ અભિયાનોમાં ભાગ લેવા-સર્વાંગી વિકાસ સાધવા અને મૂલ્ય સભર ચારિત્ર્યવાન જીવન માંટે શપથ લેવડાવ્યા અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

રાજય સરકારના શિક્ષણ વિભાગ, કે.સી.જી.ના નિર્દેશ અનુસાર તા.૪/૮/૧૪ રોજ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં "ચલો કોલેજ પ્રવેશોત્સવ ૨૦૧૪-૧૫" ઉમળકાભેર સંપન્ન થયો હતો. પૂર્વ આયોજન પ્રમાણે સંસ્થાની મુલાકાતે ટીમના સભ્ય તરીકે સરકારી શિક્ષણ મહાવિદ્યાલય, વાંસદાના પ્રિ. ડૉ. જે.ટી. ચૌધરી અને શ્રી બી. પી. બારિયા સાયન્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્યા ડૉ.દીનાબેન ચાંપાનેરી, મંડળના પદાધિકારી શ્રી ભરતભાઈ અમીન અને શ્રી મુકેશભાઈ મેહતા હાજર રહયા હતા. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોને પરિચય આપી અભિવાદન કરી સંસ્થાની ગતિવિધિઓ રજૂ કરતું સુંદર પાવર પોઈન્ટ રજુ કર્યુ હતું. એ દરમ્યાન પ્રાધ્યાપકોએ સપ્તધારા અંતર્ગત જુદી જુદી ધારાઓની કામગીરીની સંક્ષેપમાં જાણકારી આપી હતી. ત્યારબાદ રજુ થયેલા સપ્તધારાગાન અને અને "ધરતી કી તું" એ સમારંભને સાચા અર્થમાં મર્મભેદી બનાવ્યો હતો. ત્યાર બાદ રાજ્ય સરકાર પ્રેરિત કે.સી.જી.ના વિવિધ ઈનિસિએટિવ્સની ભુમિકા સ્પષ્ટ કરતી નાનકડી ફિલ્મને સહુએ મનભરીને માણી હતી. ત્યાર બાદ મહેમાનોના હસ્તે સિધ્ધિ પ્રાપ્ત તાલીમાર્થીઓનું પ્રેરક પુસ્તિકાઓની ભેટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ડૉ. જે.ટી. ચૌધરી અને ડૉ. દીનાબેને સંસ્થાની તમામ ગતિવિધિ અંગે સંપૂર્ણ સંતોષ વ્યકત કરી સુંદર કાર્યક્રમ કંડારવા બદલ આચાર્યશ્રીને અને તમામ સ્ટાફ મિત્રોને અભિનંદન આપ્યા હતા. અંતે આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ પાસે સંકલ્પ લેવડાવી પ્રવેશોત્સવને અર્થસભર બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. શ્રીમતિ શીતલબેન વસાવાએ કર્યું હતું.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રષ્ટ સંચાલિત શ્રી.એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં નવા પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓ માટે કે.સીજી. ટીમ દ્વારા દીપપ્રાગટ્ય કરી પ્રવેશોત્સવ કક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આચાર્યશ્રીએ કે.સી.જી.ની ટીમને પુસ્તક આપી આવકાર્યા હતા અને ટીમ દ્વારા ઉચ્ચ કારકિર્દી માટે પ્રોત્સાહક ફિલ્મ બતાવીને સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડમાં તા. ૫/૮/૧૪ના દિંને 'ચાલો કોલેજ અભિયાન' અંતર્ગત પ્રવેશોત્સવની ઉજવણી પ્રિન્સિપાલશ્રી પુરોહિત, શ્રી દેસાઈ તેમજ કે. સી. જી. ટીમની હાજરીમાં કરવામાં આવી. કે.સી. જી. ના સભ્યોનું પુસ્તકથી અને નવીન વિદ્યાર્થીઓનું કુમ કુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું. ઉપરાંત સી. ડી. વિડિયો બતાવવામાં આવી હતી. પ્રિ. ડૉ. આર. પાંડે દ્વારા કોલેજ પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

ચાલો કોલેજે તથા પ્રથમ વર્ષ બી. એસસી.ના વિદ્યાર્થીઓ માટે નોલેજ કોન્સોટ્રીયમ ઓફ ગુજરાતની ટીમે બી.કે.એમ.સાયન્સ કોલેજની મુલાકાત લીધી હતી. કે.સી.જી.ની ટીમના સભ્ય શ્રી અમીતકુમાર, ચીખલી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કમલભાઈ છાયા અને વાલોડ કોલેજના પ્રાધ્યાપક ડૉ. ભદ્રેશભાઈ પરમારે કોલેજની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવ કરાવ્યો હતો અને વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો. આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ કોલેજની શૈક્ષણિક અને અન્ય પ્રવૃતિઓ અંગે અહેવાલ રજૂ કર્યો હતો. ડૉ. કમલેશભાઈ છાયાએ સપ્તધારા, ઉદીશા, સ્કોપ, સંધાન, ચોઈસ બેઈઝ ક્રેડીટ સીસ્ટમના અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી. કે.સી.જી.ના સભ્ય અમિતકુમારે વિદ્યાર્થીઓને તમામ પ્રવૃતિઓમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. કે.સી.જી.ની ટીમે વિદ્યાર્થીઓને કંકુ-તિલક કરી મોં મીઠુ કરાવી ભેટ તરીકે એક બોલપેન આપી હતી. ડૉ. ભદ્રેશભાઈએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમના આયોજન માટે ડૉ.ટી.જી. ગોહિલ, પ્રો. અનિલભાઈ ગોયલ, ડૉ. એસ.એમ.પટેલ ભારે જેહમત ઉઠાવી હતી.

## માર્ગદર્શન



વી. એસ. પટેલ કોલેજ, બીલીમોરામાં, બીલીમોરા પોલીસ સ્ટેશન દ્વારા મહિલા ઉપર થતી ઘરેલુ હિંસા, છેડતી, દહેજ યુવતીઓ દ્વારા કરવામાં આવતા માદક દ્રવ્યનો ઉપયોગ ફરજ ઉપર જાતીય સતામણી વગેરે વિષયો પર મહિલા સૂરક્ષા નિતિ દ્વારા પ્રોજેકટર દ્વારા વિદ્યાર્થિનીઓને માહિતી આપવામાં આવી હતી. સર્કલ પોલીસ ઈન્સ્પેકટર શ્રી ગાવીત અને સિનીયર પી.એસ.આઈ ગાવીત, એ. એસ.આઈ ગમનભાઈ પ્રભાકરભાઈ આ પ્રસંગે હાજર રહી વિદ્યાર્થી બહેનો સ્વબચાવ માટે પોલીસને જરૂર પડે ત્યારે પોલીસ સ્ટેશન આવવું અને કાયદાની કલમો બહેનોના બચાવ માટેની સમજણ આપી હતી. એન.સી.સી. ઓફિસર પ્રા. ભાવેશ દેવતાએ સંચાલન કર્યું હતું.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં ખાતે પ્રિ. ડૉ.જે.એમ. નાયકના માગદર્શનથી રોફેલ કોલેજ, વાપીથી પધારેલ ડૉ. પંકજભાઈ પટેલ અને ડૉ. કેદારભાઈ શુકલએ બી.કોમ. પછી શું ? એ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકીર્દી અંગેની માહિતી આપવા બદલ વિદ્યાર્થીઓએ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા.કે.એચ.પુરોહિતે કર્યું હતું.

## મુલાકાત

તા. ૧૦/૭/૧૪ના રોજ અલૂણા વ્રત નિમિત્તે સંચાલિત ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતની વિદ્યાર્થિનીઓએ ડિરેકટર ડૉ. દિલીપ સી. શાહ અને ઈન્ચાર્જ આચાર્ય બંટી કે. શાહના માર્ગદર્શન હેઠળ તેમજ એન. સી. સી. અને એન. એસ. એસ. કમિટીના સભ્યોના સહકાર હેઠળ ઘોડ દોડ રોડ સ્થિત અંધજન શાળાની મુલાકાત લીધી હતી. તેમજ પ્રજ્ઞાચક્ષુ બાલિકોઓની કોમળ હથેળીમાં મહેંદી મુકી ખૂબ જ આનંદ અનુભવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં અંધજન શાળાનાં ઈન્ચાર્જ આચાર્ય શ્રીમતી મનીષબેન ગજ્જર તેમજ તેમનાં સ્ટાફનો પણ સહકાર મળ્યો હતો.

## વાંચન વિશેષ

**પંચશતીઃ કેવલાદ્વૈતસંબંધી વચનોનો સંગ્રહ**

લેખકઃ મણિલાલ નભુભાઈ દ્વિવેદી

મુંબઈઃ એન.એમ.એન્ડ કો., ૧૮૯૫, પૃ.૨૧૧ રૂા. ૨-૦૦.

આ ગ્રંથને અંગ્રેજી ભાષામાં "શંકરનું અનુકરણ" (Imitation of S"ankara) એવા નામથી પ્રસિધ્ધ કરેલો છે. ગુજરાતીમાં "શંકરનું અનુકરણ" નામ ન રાખવાનું કારણ એટલું જ છે કે "અનુકરણ" એ નામ અંગ્રેજીમાં તેવાં બે અનુકરણ હોવાથી તે ભાષા જાણનારને પ્રિય લાગે, પણ ગુજરાતી વાચકને લાગે નહિ; એટલા જ માટે પાંચસો વચનોનો સંગ્રહ-પંચશતી-એવું સાદું નામ રાખ્યું છે.

ગ્રંથના ઉપોદ્‌ઘાતમાં લેખક કહે છે કે, "આખા જગતમાં ઉપનિષદોના મનન જેવો લાભકારક અને આત્મોન્નિતએ લઈ જનાર કોઈ અભ્યાસ નથી; મારા જીવનને જેણે સુખી કર્યું છે, "મારા અવસાનને પણ એજ શાંતિ આપશે." પ્રખ્યાત જર્મન તત્વેત્તા (શોપનહોર)ના આ ઉદ્‌ગારને ઉત્તમ પ્રતિષ્ઠા અને પ્રસિધ્ધ કીર્તિવાળા વિદ્યમાન એવા એક પંડિત અને વિદ્વાને (ડૉ. મેક્ષમ્યૂલરે) અનુમોદન આપ્યું હતું. ઉપનિષદોમાં સંગ્રહાયેલા તત્વને આવી કોઈ ભલામણની અપેક્ષા નથી. પ્લોટોથી શોપનહોર પર્યન્ત સર્વ તત્વવેત્તાઓ વેદાન્તની આત્મોન્તતિકારક, સુખાનુભાવક અસરની સાક્ષી પૂરે છે. જડવાદાનુસારી સમયને જ આ ઉકિતઓનું સ્મરણ કરાવવું પડે છે... જનસમૂહને માટે ઉદ્દિષ્ટ એવા ગ્રંથના વિષયને સમજવાને અર્થે શાંકર દર્શનના આટલા વિવેચન કરતાં વધારેની અપેક્ષા નથી. અધિક જાણવાની જીજ્ઞાસાવાળાને અન્યત્ર તે મળી શકશે. આ વિષયનું શાસ્ત્ર પરિભાષા અને સંપ્રદાયાનુસારરૂપ બદલી નાખવા મેં યત્ન કર્યો છે, અને કેટલાક પંડિતમન્ય વેદાન્તીઓ એવી છૂટને સહન નહિ કરી શકે તથાપિ મારું નમ્ર મત એવું છે કે અર્વાચીન જ્ઞાનસામગ્રીના પ્રકાશમાં ધરી શકાય કે સમજી શકાય તેવું કરવા માટે અદ્વૈતને તેનો ખાસ વેષ ધારણ કરાવવાની આવશ્યકતા રહે તો તે મહાદુર્ભાગ્ય ગણાય. એમ થવાથી એની સર્વમયતા અને તે દ્વારા એનો આપણા અને જગતના હૃદયમાં પ્રવેશ પામવાનો જે હક તેનો ભંગ જ થાય. આવા પંડિતો શ્રી શંકર ભગવાન કહે છે તેમ "બ્રહમવાર્તામાં કુશલ હોઈ વૃત્તિહીન અને સુરાગી હોય છે. તેમણે-અદ્વૈતાત્મદર્શનના ઉપર, પ્રેમ, મૃદુતા દયા, સમતા, સર્વયમતા, આદિ ભાવથી રહિત થઈ તેમના શુષ્ક અંતઃકરણમાંથી નીકળી આવતા શબ્દોનો ભાર ભરી એ દર્શનને અપ્રિય કરી નાખ્યું છે. શંકરે અભેદપ્રેમ, પ્રવૃત્તિમય સરળ જીવન, અને સમષ્ટિભાવનાની મૌન શાંતિમાં નિત્ય વિરામ, એ જ ઉપદેશેલું છે."

બીજી રીતે પણ આ ગ્રંથ કેમ્પિસ અથવા બાઉડનના ગ્રંથ કરતાં ભિન્ન છે. અત્રે જે સંગ્રહ આપ્યો છે. તે કેવલ શંકરનાં વચનોનો જ નથી, પણ શંકર અને એમના અનુયાયીઓએ જે દર્શન પ્રવર્તાવ્યું છે તેનાં ઉપકારક વચનોનો છે. વેદાન્તવિષયના ગ્રંથોમાં ઉપનિષદની શ્રુતિઓનું વારંવાર સૂચન જોવામાં આવે છે. આવા સૂચનમાંથી અગત્યની શ્રુતિઓ આ ગ્રંથમાં સંગ્રહાઈ છે. એટલે તેવી સમગ્ર શ્રુતિ અને તેનો અર્થ ઉપલબ્ધ થઈ તે અર્થે અનુપૂર્તિમાં એક કોશ આપી આ ગ્રંથગત સર્વ વચનોની અકારાદ્યનુક્રમણિકા કરી છે. એક બીજી અનુપૂર્તિમાં અદ્વૈતપરિભાષાના મુખ્ય મુખ્ય શબ્દો અકારાદિક્રમે આપી તે તે શબ્દવિષયે આ ગ્રંથમાંથી શું ઉપલબ્ધ થાય એમ છે તે દર્શાવેલું છે. શંકર કયારે થયા તે નિશ્ચિંત નથી, કેટલાક એમને ક્રાઈસ્ટની પૂર્વે, કેટલાક ક્રાઈસ્ટની પછી થયા માને છે. મલબારના કિનારા ઉપર કોઈ અપ્રસિધ્ધ ગામના બ્રાહ્મણના એ પુત્ર હતા. એ શિવાવતાર હતા એમ કહેવાય છે. આઠ વર્ષનું વય હતું તેવામાં જ તેમને સ્વરૂપાનુસંધાન થઈ આવ્યું, અને વાત્સલ્યપૂર્ણ વિધવા માતૃશ્રીની અનુજ્ઞા લઈ તેમણે સંન્યાસ લીધો. સંન્યાસ દ્વારા તેમણે પોતાના હ્રદયને પોતાની સાદી પર્ણકુટીની સીમા પર અનન્ત જનસમૂહ અને નિરવધિ જગતના ઉપકારમાં પરોવ્યું. એમણે જે દર્શનનો ઉપદેશ કર્યો તે દ્વારા આર્યાવર્તના એક અતિ સૂક્ષ્મ અને વિકટ પ્રસંગનો તેમણે નિકાલ કરી આપ્યો, અને આર્યભૂમિના હ્રદય ઉપર અતિ ગંભીર, સબળ, ઉંડી છાપ પાડી આપી. એમણે જે દિગ્વિજય કર્યો તેથી એમને આચાર્યપદ પ્રાપ્ત થયું. એમણે આ દેશના ચાર સીમાન્તોએ ચાર મઠ સ્થાપ્યા, જે અદ્યાપિ વિદ્યમાન છે. આવા મહાન આત્માની સ્થૂલ ઉપાધિ બત્રીશ વર્ષની બાલવયે વિશીર્ણ થઈ ગઈ.

આ ગ્રંથમાં ૧). બ્રહ્મ, ૨). તત્વમસિ, ૩). સાધન (તર્ક, પાંડિત્ય, શિષ્ય, ગુરુ, જગત, કર્મ, ઉપાસના, પુરુષાર્થ, જ્ઞાન, સાધન, યોગ), ૫). મોક્ષ (જીવનમુકિત), ૬). ઉપસંહાર તથા ગ્રંથોની સૂચિ, વચનોનો કોષ પૂર્તિ સ્વરૂપે ઉપલબ્ધ છે.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયના 'અલભ્ય ગ્રંથકક્ષ'માં ઉપલબ્ધ છે.

ડૉ. જે. આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : Dr. J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com